જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૨/૨૦૧૬ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૦/૧૬**

ગાંજાના જથ્થા સાથે એક ઇસમોને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ નાઓએ દારુ તેમજ એન.ડી.પી.એસ. ના કેસો શોધી કાઢવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન ચાંદલોડીયા દુર્ગા સ્કુલની પાછળ ગોપી ફલેટ ખાતે આવતા બાતમી રાહે હકીકત મળેલ જે આધારે સદરહુ જગ્યાએ રેઇડ કરવા જવા સોલા પોલીસની સાથે રવાના થયેલ અને ઉપરોક્ત જગ્યાએ રેઇડ કરતા આરોપી ૧. બટુકસિંહ પ્રભાતસિંહ ચુડાસમા ઉવ. ૫૫ રહે. ગોપી ફલેટ ઘર નં.૫ શીવ કેદાર ફ્લેટની બાજુમાં મુળ રહે. પીપળી તા.ધંધુકા જી. અમદાવાદ વાળાને ગાંજાનો જથ્થો ૭૦૨ ગ્રામ કિ.રૂ. ૩૫૧૦ તથા ચલમ કુકરા સેમસંગ ફોન તથા રોકડ રકમ મળી કુલ રૂ. ૧૫૮૪૫ નો મુદ્દામાલ જપ્ત કરી સોલા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૨૨૩/૧૬ એનડીપીએસ કલમ ૮(સી),૨૦(બી), ૨૯ મુજબનો ગુનો પો.સ.ઇ. શ્રી એ.કે.વડીયા, એસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ નાઓએ દાખલ કરાવેલ છે. આગળની તપાસ સોલા પોલીસ સ્ટેશન કરે છે.

**ચોરીના એક્ટીવા સાથે એક ઇસમને પકડી વણ શોધાયેલ ગુનાને શોધી કાઢતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. ટીમના અધિકારીશ્રીઓની ટીમો પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ગોમતીપુર કાળીદાસ ચાર રસ્તા પાસે પટેલ મીલ ત્રણ રસ્તા જવાના રોડ ઉપર આવતાં પો.કો. દસરથભાઈ નાગજીભાઈ તથા પો.કો. મહેન્દ્રસિહ હઠીસિહનાઓની સંયુક્ત બાતમી હકીક્ત આધારે આરોપી મોમીનખાન મહેમુદખાન પઠાણ ઉ.વ.૨૩ ધંધો- મજુરી રહે- ઘર નં ૧૧૮૪/૨ સમેસરબાગ સોસાયટી રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર ને એક સફેદ કલરના એક્ટીવા સાથે ઝડપી લેવામાં આવેલ. જેની પાસે એક સફેદ કલરના એક્ટીવા બાબતેના પુરાવા માંગતા ગલ્લાં તલ્લાં કરતો હોય એકટીવા ની કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદર આરોપીને તા.૩૦/૧૨/૨૦૧૬ ના રોજ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ. સદરી આરોપીને વિશ્વાસમાં લઇ સદર મો.સા. બાબતે પુછપરછ કરતાં ગોમતીપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૮/૧૬ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનો નોંધાયેલ છે જેથી આગળની તપાસ અર્થે ગોમતીપુર પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**તા.૧૯/૧૨/૧૬ થી તા.૩૦/૧૨/૧૬ સુધી ઝોન-૫ વિસ્તારમાં કરવામાં આવેલ ડ્રાઈવ બાબત.**

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર અને અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૨ નાઓની સુચના મુજબ ઝોન-૫ વિસ્તારમાં પ્રોહીબીશન પ્રવૃત્તી ઉપર અસરકારક નિયત્રણ રાખવા અને સરકારશ્રી દવારા જાહેર કરવા પ્રોહીબીશન વટહુકમની અમલવારી અર્થે પ્રોહીની પ્રવૃત્તી સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધ તા. ૧૯-૧૨-૧૬ થી તા. ૩૦-૧૨-૧૬ સુધી ઝોન-૫ ના તમામ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની ડ્રાઇવ રાખવામાં આવેલ આ ડ્રાઇવ દરમ્યાન ઇગ્લીશ દારુના ૮ કેસો કરવામાં આવેલ જેમાં રુ ૪૧૧૮૦૦/- નો કિંમતનો વિદેશી દારુ કબજે કરવામાં આવેલ હતો. જયારે દેશી દારુના ૩૭ કેસો શોધી કુલ ૪૭૧ લીટર દેશી દારુ કબજે કરવામાં આવેલ હતો તેમજ વિવિધ પોસ્ટેના ૬૩ ઇસમો વિરુધ્ધ કેફી પીણુ પીવા સબબ ગુનાઓ દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ. તેમજ પ્રોહીની પ્રવૃત્તી સાથે સંકળાયેલ ૪૭ ઇસમો વિરુધ્ધ પ્રોહી-૯૩ મુજબ અટકાયતી પગલા લેવામાં આવેલ હતાં. આ ઉપરાંત વારમવાર પ્રોહીબીશન સબંધી પ્રવૃત્તી કરતા હોય તેમના ગુનાહિત ઇતીહાસ ધ્યાને લઇ કુલ – ૫૩ ઇસમો વિરુધ્ધ પાસાના કાયદાની હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. આમ ઝોન-૫ વિસ્તારમાં પ્રોહીબીશન ડ્રાઇવ સફળતાપુર્વક અને અસરકારક રીતે કરવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)